# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૭૬ તા.૨૨-૧૦-૨૦૨૦

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- એકપણ પ્રકારનું ડિઝીટલ ડીવાઈઝ ઉપલબ્ધ ન હોય તેવા વિદ્યાર્થીઓ(SWoD) હોમ લર્નિંગ માટે સુનિશ્ચિત કરવા બાબત.

સંદર્ભ : -
૧. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી સમગ્ર શિક્ષા કચેરીના પત્ર ક્રમાંકઃ એસએસએ/કયુ.ઈ.સેલ/૧/૨૦૨૦/૩૫૭૫૦-૮૨૪ તા.૧૭-૧૦-૨૦૨૦.
૨. ક્રમાંક પ્રાશિનિ/academic/૨૮૨૭૧/૨૦૨૦/૫૩૬-૫૮૯ તા.૨૧-૧૦-૨૦૨૦

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, જે વિદ્યાર્થીઓ પાસે એક પણ પ્રકારનું ડિઝીટલ ડીવાઈઝ ઉપલબ્ધ નથી તેવા વિદ્યાર્થીઓ માટે આ સાથે સામેલ સંદર્ભિત પત્ર -૧ માર્ગદર્શિકા મુજબ હોમ લર્નિંગ અંતર્ગત શાળા વાઈઝ - વિદ્યાર્થી વાઈઝ સતત શીખવાની યોજના (CLP) સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે. સદર યોજનાનું મોનીટરીંગ સી.આર.સી. કો.ઓર્ડિનેટર કરવાનું રહેશે.

બિડાણ :- સંદર્ભ દર્શિત પત્ર

તા.૨૨-૧૦-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

By Email.

ક્રમાંક: પ્રાશિનિ/academic/28271/2020/536-569
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ.જી.મ.ભવન,
ગાંધીનગર.તા.21/10/2020

પ્રતિ,

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(તમામ),
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી(તમામ),
- શાસનાધિકારીશ્રી, (તમામ),

વિષય: એક પણ પ્રકારનું ડિઝીટલ ડીવાઇઝ ઉપલબ્ધ ન હોય તેવા વિદ્યાર્થીઓ (SWoD) હોમ લર્નિંગ માટે સુનિશ્ચિત કરવા બાબત.

સંદર્ભ: સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી સમગ્ર શિક્ષા કચેરીના પત્ર ક્રમાંક: એસએસએ /કયુ.ઇ.સેલ /૧/૨૦૨૦/૩૫૭૫૦-૮૨૪-તા.૧૭/૧૦/૨૦૨૦

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, જે વિદ્યાર્થીઓ પાસે એક પણ પ્રકારનું ડિઝીટલ ડીવાઇઝ ઉપલબ્ધ નથી તેવા વિદ્યાર્થીઓ માટે આ સાથે સામેલ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી સમગ્ર શિક્ષા કચેરીના પત્ર ક્રમાંક:એસએસએ/કયુ.ઇ.સેલ/૧/૨૦૨૦/૩૫૭૫૦-૮૨૪-તા.૧૭/૧૦/૨૦૨૦ માર્ગદર્શિકા મુજબ હોમ લર્નિંગ અંતર્ગત શાળા વાઇઝ - વિદ્યાર્થી વાઇઝ સતત શીખવાની યોજના ( CLP) સુનિશ્ચિત કરવાની રહેશે.

આ બાબતો આપના તાબા હેઠળની તમામ શાળાના આચાર્યશ્રીને આ અંગે જરૂરી સુચના આપવી અને આપના જિલ્લાના ટી.પી.ઈ.ઓ/ કે.ની/ બી.આર.સી/ સી.આર.સી મારફતે મોનીટરીંગ કરાવવાનું રહેશે.

(ડૉ.એમ.આઇ.જોષી)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

બિડાણ: સંદર્ભ પત્ર

પી ભારતી (IAS)
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
એસપીઓ, એસએસએ

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રીની કચેરી
સમગ્ર શિક્ષા, સેક્ટર - ૧૭, ગાંધીનગર
ફોન નં- ૦૭૯ - ૨૩૨૪૩૧ ૩૩
e-mail : spdssa@gmail.com
Toll Free No.1800-233-7965

ક્રમાંક: એસએસએ/ક્યુ.ઈ.સેલ/૧/૨૦૨૦/[illegible] તા: ૭/૧૦/૨૦૨૦

પ્રતિશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
જિલ્લા: તમામ

પ્રતિશ્રી,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરી
શાસનાધિકારીશ્રી, તમામ

**વિષય: એક પણ પ્રકારનું ડીઝીટલ ડીવાઈઝ ઉપલબ્ધ ન હોય તેવા વિદ્યાર્થીઓ (SWoD) માટે હોમ લર્નિંગ સુનિશ્ચિત કરવા બાબત.**

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે આપના જિલ્લામાં દરેક શાળામાં બાળકો દ્વારા હોમ લર્નિંગ અંતર્ગત ક્યાં ક્યાં ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવે છે તે ઉપકરણોને ધ્યાને રાખી આવા બાળકો માટે હોમ લર્નિંગ સુનિશ્ચિત કરવાનું રહેશે.

જે વિદ્યાર્થીઓ પાસે એક પણ પ્રકારનું ડીઝીટલ ડીવાઈઝ ઉપલબ્ધ નથી તેવા વિદ્યાર્થીઓ માટે આ સાથે સામેલ માર્ગદર્શિકા મુજબ હોમ લર્નિંગ અંતર્ગત શાળા વાઈઝ-વિદ્યાર્થી વાઈઝ સતત શીખવાની યોજના (CLP) સુનિશ્ચિત કરવાની રહેશે.

આપના તાબા હેઠળની તમામ શાળાના આચાર્યશ્રીને આ અંગે જરૂરી સૂચના આપવા વિનંતિ છે. આ બાબતે આપના જિલ્લાના ઈ.આઈ./એ.ડી.આઈ./ટી.પી.ઈ.ઓ./કે.નિ./બી.આર.સી./સી.આર.સી. મારફત મોનીટરીંગ કરાવવાનું રહેશે. આગામી સમયમાં યોજાનાર વી.સી. દરમિયાન આ અંગે થયેલ કામગીરીની સમીક્ષા કરવામાં આવશે.

(પી.ભારતી)

**નકલ સવિનય રવાના જાણ સારૂ :**

- માન. સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક, શિક્ષણ વિભાગ, ગાંધીનગર

**નકલ રવાના જરૂરી સૂચના સારૂ :**

- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,ગાંધીનગર
- નિયામકશ્રી, શાળાઓની કચેરી,ગાંધીનગર
- નિયામકશ્રી, જીસીઈઆરટી,ગાંધીનગર

**ઉપકરણોની ઉપલબ્ધતા વિનાના વિદ્યાર્થીઓ (SWoD) માટે સતત શીખવાની યોજના માટેની માર્ગદર્શિકા/ હસ્તક્ષેપો :**

## 1. ઉદ્દેશો:

- ડિજિટલ શિક્ષણના ઉપકરણો વિનાના વિદ્યાર્થીઓને ઓળખવા અને મહામારીના સમયગાળામાં સતત શીખવાની તકો સુનિશ્ચિત કરવા માટે તેઓની પાસે પહોંચવું.
- સાતત્ય માટેના હસ્તક્ષેપની યોજના બનાવવી, શીખવાના અંતરને દૂર કરવું અને ઉપકરણો વિનાના બાળકોનું શિક્ષણ વધારવું.
- દરેક વિદ્યાર્થીની શીખવાની પ્રગતિનું નિરીક્ષણ કરવું અને કોઈ બાળક ભણવામાં પાછળ ન રહે તે સુનિશ્ચિત કરવું.

## 2. ઉપકરણ વિનાના વિદ્યાર્થીને કેવી રીતે ઓળખવા અને પ્રોત્સાહન આપવું?

શાળા કક્ષાના સર્વેક્ષણ આધારે ઉપકરણો વિનાના વિદ્યાર્થીઓની ઓળખ કરી તૈયાર કરવામાં આવેલ ઉપકરણો વિનાના વિદ્યાર્થીઓનો રાજ્ય કક્ષાનો સારાંશ નીચે મુજબ છે.

| ક્રમ | વપરાશના પ્રકાર | સરકારી શાળાઓના કુલ વિદ્યાર્થીઓ (%) માં | ગ્રાન્ટઇનએઇડ શાળાઓના કુલ વિદ્યાર્થીઓ (%) માં |
|---|---|---|---|
| ૧ | સ્માર્ટ ફોન ધરાવતા | ૪૩% | ૬૭% |
| ૨ | ટીવી ધરાવતા | ૫૨% | ૫૪% |
| ૩ | સાદા ફોન ધરાવતા | ૩૫% | ૧૯% |
| ૪ | ઉપકરણ વિનાના | ૯% | ૩% |

ઉપરોક્ત બાબતને ધ્યાને લઇ, રાજ્ય સરકારે જી.વી.એસ. અને ડી.ડી. ગિરનાર કાર્યક્રમો દ્વારા હોમ લર્નિંગ અંતર્ગત મોબાઈલ ફોન્સ અને ટીવીનો વપરાશ ધરાવતા વિદ્યાર્થીઓ માટે શીખવાની સાતત્યતા સુનિશ્ચિત કરવા માટે વ્યાપક પગલા લીધા છે. તેમ છતાં, તેમ છતાં અમારી મુખ્ય ચિંતાઓ હજી પણ એ વિદ્યાર્થીઓ માટે છે જેઓ પાસે હોમ લર્નિંગ માટે સ્માર્ટ ફોન્સ અને ટેલિવિઝન ઉપલબ્ધ નથી. **એટલે આ દસ્તાવેજ સ્માર્ટફોન્સ અને ટેલિવિઝનનો વપરાશ કર્યા વિના વિદ્યાર્થીઓને શીખવાની સહાય માટે માર્ગદર્શિકા પ્રદાન કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.**

❖ **કાર્યનો પ્રવાહ નીચે મુજબ છે:**

**ટીવી અને સ્માર્ટ ફોન્સના ઉપયોગ વિનાના વિદ્યાર્થીઓને ઓળખો**

↓

**આવા દરેક વિદ્યાર્થી માટે શીખવાની યોજના તૈયાર કરો**

↓

**દરેક વિદ્યાર્થીની શીખવાની પ્રગતિનું નિરીક્ષણ કરો**

## 3. ઉપકરણ વિનાના વિદ્યાર્થીઓના શીખવાના સાતત્ય માટેની હાલની પહેલ:

- **પાઠયપુસ્તક:**

  રાજ્ય દ્વારા પહેલાથી જ બધા વિદ્યાર્થીઓ માટે પાઠયપુસ્તકો પ્રદાન કરવામાં આવ્યા છે. શાળાએ ખાતરી કરવી આવશ્યક છે કે દરેક વર્ગના દરેક બાળકને ઘરે પાઠયપુસ્તકોનો સંપૂર્ણ સેટ ઉપલબ્ધ છે.

- **ટેલિફોનિક સંપર્ક:**

  દરરોજ દરેક શિક્ષકે ટેલિફોન દ્વારા વિદ્યાર્થીઓ અને માતાપિતાનો સંપર્ક કરવો જોઈએ (વિદ્યાર્થીઓ / માતા-પિતા પાસે ફોન હોય ત્યાં) અને જરૂરી માર્ગદર્શન અને શૈક્ષણિક સહાયતા પૂરી પાડવી જોઈએ.

- **એકમ કસોટી (પીએટી):**

  શાળાએ ખાતરી કરવી જોઈએ કે બધા વિદ્યાર્થીઓએ એકમ કસોટી (પીએટી) માટે જવાબ બુકલેટ પહોંચી છે. ઉપકરણો વિનાના વિદ્યાર્થીઓએ એકમ કસોટી (પીએટી) માટે પેપર સમયસર પ્રાપ્ત કર્યા હોય અને પરીક્ષા આપેલ છે તેની ખાતરી કરવા માટે શિક્ષકોએ ખાસ ધ્યાન આપવું. મુખ્ય શિક્ષક/આચાર્યએ સુનિશ્ચિત કરવું કે શિક્ષકોએ એકમ કસોટી (પીએટી)ના પરફોર્મન્સના આધારે બધા વિદ્યાર્થીઓને ફીડબેક અને માર્ગદર્શન પૂરું પાડ્યું છે અને આ દરેક વિદ્યાર્થી માટે શિક્ષણને યોજનાને અપડેટ કરી છે.

- **ઘરે શિખીએ વર્કશીટ્સ :**

  જી.સી.ઇ.આર.ટી. દ્વારા હાર્ડકોપીમાં ધોરણ ૧ થી ૮ વિદ્યાર્થીઓને પ્રેક્ટિસ વર્કશીટ્સ આપવામાં આવે છે. શાળાઓએ ખાતરી કરવી કે આ વર્કશીટ્સ દરેક વિદ્યાર્થી સુધી સમયસર પહોંચે છે અને તેઓને જરૂરી માર્ગદર્શન અને સહયતા મળે છે. જિલ્લાએ સી.આર.સી./બી.આર.સી. સાથે ફોલોઅપ કરવું અને વિતરણ અંગેનું મોનીટરીંગ કરવું જોઈએ.

**4. ઉપકરણો વિના વિદ્યાર્થીઓ (SWoD) માટે વધારાના હસ્તક્ષેપો (વધારાની કાર્યપદ્ધતિ) :**

દરેક શાળાએ દરેક વિદ્યાર્થીના ઓનલાઇન / ડિજિટલ શિક્ષણ માટે ઉપકરણોની ઉપલબ્ધતા અને વપરાશ માટે નિરીક્ષણને સતત અપડેટ કરવું જોઈએ. શાળાએ દરેક બાળક માટે સતત શીખવાની યોજના તૈયાર કરવી જોઈએ. સંબંધિત શાળાની જવાબદારી છે કે ઉપકરણોના વપરાશ કે વિના વપરાશને ધ્યાનમાં લીધા વગર તે ખાતરી કરે કે શાળામાં દાખલ થયેલ કોઈ પણ વિદ્યાર્થી ભણતરથી વંચિત ન રહે. શિક્ષકોએ શીખવાના ડિજિટલ ઉપકરણોનો ઉપયોગ કર્યા વિના દરેક બાળકો માટે અલગથી શીખવાની યોજનાઓ તૈયાર કરવાની જરૂર છે.

ઉપકરણો વિનાના વિદ્યાર્થીઓને ટ્રેકિંગ અને શીખવાની સુવિધા પૂરી પાડવા માટે ડિવાઇસીસ મેપિંગ અને એસ.એમ.સી./એસ.એમ.ડી.સી. સભ્યો સાથેના પરામર્શનના આધારે, શાળા નીચેની યોજના બનાવી શકે છે:

**1. મોહલ્લા (ફળીયા) શિક્ષણ:**

- શિક્ષકો માતાપિતા / વાલીઓ, મોટા ભાઈ-બહેન અથવા સ્વયંસેવકો સાથે સંપર્ક કરી શકે છે અને બાળકોને શીખવાની સહાયતા પ્રદાન કરવા માટે માર્ગદર્શન આપી શકે છે.
- શાળા સરકારી માર્ગદર્શિકાને અનુસરીને નજીકના ગામો / નિવાસસ્થાનોની મુલાકાત લેવા અને ઉપકરણો વિનાના વિદ્યાર્થીઓ માટે વર્ગો યોજવામાં બાલમિત્રની મદદ લઈ શકે છે.
- શાળાઓએ વિદ્યાર્થીઓને શીખવામાં સહાયતા પ્રદાન કરવા માટે સંબંધિત ગામડા / નિવાસસ્થાનોમાં રહેતા NYKs/NCC/NSS ના સ્વયંસેવકોનો સહકાર લઇ શકે છે.

**2. ડીવાઈઝ ન ધરાવતા અને ડીવાઈઝ ધરાવતા વિદ્યાર્થીઓને જોડવા (Pairing):**

- શાળા ટીવી, મોબાઇલ અને અન્ય ગેજેટ્સ ધરાવતા બાળકોને ઓળખી તેમને ઉપકરણો ન ધરાવતા બાળકો સાથે જોડી ઓનલાઇન વર્ગો કરવા માટે પ્રયાસ કરી શકે છે.

**3. મોબાઇલ બેંક:**

- શાળા એસએમસી / એસએમડીસી સાથે મોબાઇલ બેંક બનાવવા માટે પરામર્શ કરી શકે છે જેમાં સમુદાયના લોકો તેમના જૂના સ્માર્ટ ફોન્સ દાન કરી શકે છે. આ પછી ઉપકરણો વિનાના વિદ્યાર્થીઓને આ ફોન્સ વિતરિત કરી શકાય છે.

**4. ઈચ-વન ટીચ-વન (Each One - Teach One) :**

- મુખ્ય શિક્ષક/આચાર્ય એસ.એમ.સી./એસ.એમ.ડી.સી. અને ગ્રામ પંચાયત સાથે પરામર્શ કરીને સમુદાયિક શિક્ષણ કાર્યક્રમની સંભાવનાને અન્વેષણ કરી શકે છે. જેમ કે ઈચ-વન ટીચ-વન જેવા કાર્યક્રમ થકી ઉપકરણો વિનાના વિદ્યાર્થીઓને શિક્ષણમાં સહાયતા પૂરી પાડે છે એટલે કે એક વ્યક્તિ અન્ય એક વ્યક્તિને ભણાવે.

### 5. ટેબલેટ / મોબાઈલ આધારિત ઓફલાઇન શિક્ષણ:

- દીક્ષા અને ગુજરાત ઇ-ક્લાસની સામગ્રીને શાળાઓમાં ટેબ્લેટ્સમાં પ્રીલોડ કરી શકાય છે અને દરરોજ / અઠવાડિયામાં તેને અપડેટ કરી શકાય છે.
- બાલમિત્ર અને ARVE ફીલ્ડ સ્ટાફે સંબંધિત શાળાની સલાહ સાથે હોમ વિઝિટનું શિડ્યુલ તૈયાર કરવું જોઈએ અને મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને ઇ-ક્લાસ સામગ્રી બતાવવી જોઈએ.

### 6. નાગરિક સેવા કેન્દ્રો (CSCs) અને ગ્રામ પંચાયત કચેરીઓ:

- એસ.એમ.સી. ગામના સરપંચ અને સ્થાનિક સમુદાયના આગેવાનો અને સી.એસ.સી. સાથે સંકલન કરી, બાળકોને પંચાયત ભવન, સી.એસ.સી. અથવા અન્ય સલામત જાહેર સ્થળોએ સામાજિક અંતર અને આરોગ્ય અંગેની સરકારી માર્ગદર્શિકાઓને અનુસરીને ઓનલાઇન વર્ગોમાં ભાગ લેવા માટે મદદ કરવા માટે સમાવિષ્ટ થઈ શકે છે.

### 7. મોબાઇલ લર્નિંગ વેન:

- દૂરસ્થ ગામો, આવાસો અથવા ઇન્ટરનેટ કે ટીવી કવરેજ વિનાના વિસ્તારોના કિસ્સામાં, શાળાઓ મોબાઇલ લર્નિંગ વેન દ્વારા સપોર્ટ માટે જિલ્લા કચેરી દ્વારા દરખાસ્ત મોકલી શકે છે.

## 5. SWoD માટે શૈક્ષણિક સહાયતાની યોજનાઓના મેપિંગ અને મોનિટરિંગનું માળખું:

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | પ્રોત્સાહન પૂરું પાડનાર શિક્ષક / બાલમિત્ર / સ્વયંસેવકનું નામ | સતત શીખવાની યોજના તૈયાર (હા / ના) | હસ્તક્ષેપ સપોર્ટના પ્રકારો |
|---|---|---|---|---|
| ૧ | | | | |
| ૨ | | | | |
| ૩ | | | | |
| ૪ | | | | |
| ૫ | | | | |
| ૬ | | | | |
| ૭ | | | | |
| ૮ | | | | |
| ૯ | | | | |
| ૧૦ | | | | |